# ડીસીએમ શ્રીરામ લિમિટેડ દ્વારા રાષ્ટ્રીય સેફ્ટી દિવસની ઉજવણી

■ બ્યુરો દ્વારા
■ અમદાવાદ, તા. ૧૨

ડીસીએમ શ્રીરામ દ્વારા ૪/૩/૨૦૧૯થી ૧૦/૩/૨૦૧૯ દરમિયાન રાષ્ટ્રીય સેફટી વીકની ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કંપનીના કાર્યકરો, વિદ્યાર્થીઓ, કોન્ટ્રાક્ટર્સ તથા જનસમુદાયને સાથે રાખી વિવિધ કાર્યક્રમો જેવાકે રેલી, પ્રદર્શની, પ્રશ્નોત્તરી, રમતો, ચિત્રસ્પર્ધા, નિદર્શન વિગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું.

શેખર ખાનોલકર, એક્ઝીક્યુટીવ ડિરેક્ટર અને સીઈઓ - કેમિકલ્સ તથા આદિત્ય શ્રીરામ પ્રેસિડેન્ટ- કેમિકલ્સ દ્વારા કંપનીની કર્મચારીઓની હાજરીમાં સેફટી પ્રદર્શની ખુલ્લી મુકવામાં આવી હતી. કાર્યક્રમો દરમિયાન એસ.સી. બામણીયા, જોઈન્ટ ડિરેક્ટર ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ તથા પી.એચ.પટેલ - ડેપ્યુટી ડિરેક્ટર, ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ દ્વારા પણ પ્રદર્શનીની મુલાકાત કરવામાં આવી હતી. તથા સેલોદ મુકામે શાળાના બાળકો અને ગામના લોકોને પણ સેફટી વિશે માહિતગાર કર્યા હતા.

સેફટી વિકની ઉજવણીની શરૂઆતમાં કે.આર. વૈદ્ય, સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ એન્ડ યુનિટ હેડ દ્વારા સેફટી ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. જે બાદ ઈન્ડસ્ટ્રીયલ સેફટી અંગે વિવિધ પહેલુઓ ઉપર વિગતે માહિતી આપવામાં આવી હતી.